સૌરાષ્ટ્રના સંતો અને હરિભક્તોની ઉપસ્થિતિમાં યોજાયો ધર્મોત્સવ:

જામનગરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના ૧૧ મા પાટોત્સવની કરાઈ ઉજવણી



જામનગરમાં ખંભાળિયા હાઈ-વે પર આવેલ તથા પ.પૂ. મહંત સ્વામી મહારાજ નિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો ૧૧ મો પાટોત્સવ મહાવદ અષ્ટમીના ઉજવવામાં આવ્યો હતો. સ્વામિનારાયણના સ્થાનિક સંતો ઉપરાંત ભાદરા, રાજકોટ, ગોંડલ, જૂનાગઢ, સુરેન્દ્રનગર, લીંબડી, મોરબી સહિતથી પધારેલા સંતો દ્વારા પ્રતિષ્ઠિત મૂર્તિઓનો અભિષેક કરવામાં આવ્યો હતો. પાટોત્સવ મહાપૂજા તથા પાટોત્સવ સભામાં હજારો હરિભક્તો જોડાયા હતાં. ઉત્સવની પૂર્ણાહુતિ કુલ ૭ હજાર ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

પરિસરમાં ડોક્ટરના કપડા પહેરી કોંગ્રેસના ધારાસભ્યે કર્યું વિરોધ પ્રદર્શન:

વિધાનસભામાં ખ્યાતિકાંડના મુદ્દે તડાપીટઃ હત્યાનો ગુન્હો નોંધવા માંગઃ આરોગ્ય મંત્રીનો ગૃહમાં જવાબ

ગાંધીનગર તા. ૨૪ (જિતેન્દ્ર ભટ્ટ દ્વારા): ધારાસભ્ય ડો. તુષાર પટેલે વિધાનસભામાં પ્રશ્ન કર્યો હતો કે ખ્યાતિ કાન્ડ પ્રકાશમાં આવ્યા પછી કેટલા બાયપાસ ઓપરેશન કરાયા છે? તેના જવાબમાં મંત્રીએ જણાવ્યું કે બનાવ પછીના આંકડા અત્યારે નથી. આ કાન્ડ ચિંતાજનક છે. પીએમજી યોજનાની નાણાકીય સહાય તથા દર્દીઓની વિગતો સંતોષકારક હોવાનું મંત્રીએ જણાવ્યું હતું. સરકાર તપાસ કરાવશે. સમગ્ર પ્રકરણની ચકાસણી, ચૂકવણા કરતા ખ્યાતિ કાન્ડ પછી પ્રકરણો હાથમાં આવ્યા છે.

ડો. હસમુખ પટેલે જણાવ્યું કે, અમુક તત્ત્વોએ ગેરલાભ ઊઠાવ્યો છે. દાખલો બેસે તેવા ક્યા કડક પગલાં ભર્યા?

આ તકે મંત્રીએ જણાવ્યું કે, ખ્યાતિ કાંડની ઘટના ધ્યાનમાં આવ્યા પછી નિષ્ણાતોની ટીમ બનાવી તપાસ કરતા મૃત્યુનું કોઈ ચોક્કસ કારણ જણાયું નથી. હૃદયની કોઈ બીમારી વગર ઓપરેશન કર્યું તે અંગે સરકાર કડક તપાસ કરી રહી છે.

મહેશ કશવાલાએ જણાવ્યું કે આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે જોવાની જવાબદારી સરકારની છે. મંત્રીએ જણાવ્યું કે મેડિકલ કેમ્પ યોજવા માટે પરવાનગી તથા સરકારી અધિકારી હોવા જરૂરી છે. કોંગ્રેસના શૈલેષ પરમારે જણાવ્યું કે, આ યોજના લાગુ છે. ત્યાં 'સેલ'ની રચના કરો. જય દ્વારા કોઈ સેલની રચના કરવામાં આવી નથી.

ખ્યાતિમાં ૪૯૪૭ ઓપરેશન થયા, કરોડો રૂપિયા દર્દીઓ પાસેથી મેળવ્યા છે. ૨૬ કરોડ રૂપિયાની વસૂલાત થઈ છે. પાંચ ટકા લેખે પેનેલ્ટી લેવામાં આવી છે. બધા કેસોની તપાસ કરી હોવાનું મંત્રીએ જણાવ્યું હતું. વધુ તપાસ ચાલુ છે.

કોંગ્રેસના અમિત ચાવડાએ જણાવ્યું કે મોત થયા પછી સરકાર જાગે છે. મોતના જવાબદાર કોણ? આખા ગુજરાતના રેકેટમાં માનવવધનો ગુન્હો નોંધવા માંગો છો?

કોંગ્રેસે વિધાનસભા ગૃહના પરિસરમાં પણ ડોક્ટરના કપડા પહેરી વિરોધ કર્યો હતો. વિપક્ષે વિધાનસભા ગૃહમાં સીબીઆઈ ખ્યાતિ કેસમાં તપાસ કરે તેવી માગ કરી છે. કોંગ્રેસનું કહેવું છે કે એક કમિશન માટે ઘણાં લોકોના જીવ ગયા છે ડોક્ટર સામે માનવ વધનો ગુનો નોંધી તપાસ કરવા માગ કરી છે.

બે બાઈકને હડફેટે લીધા પછી કાર પલટી ડિવાઈડર સાથે અથડાઈ

સુરતમાં ત્રિપલ અકસ્માતમાં બે ભાઈઓ તથા એક બહેનના મૃત્યુ

સુરત તા. ૨૪: સુરતમાં બે બાઈકને અડફેટે લઈ કાર પલટી મારીને ડિવાઈડર સાથે અથડાઈ હતી. ભાઈ-બહેન સહિત ત્રણના મોત થયા પછી પોલીસે માનવ વધનો ગુનો દાખલ કર્યો છે.

સુરતના લસકાણા ચાર રસ્તા પાસે રવિવાર સાંજે પુરપાટ હંકારતા કાર ચાલકે વારા ફરતી બે બાઈકને ટક્કર મારી અકસ્માત સર્જ્યા બાદ કાર પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં બે બાઈક ચાલકના મોત થયા હતા, જ્યારે એક યુવતીને ગંભીર ઈજાઓ પહોંચતા તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જેનું આજે ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું. આ અકસ્માતમાં બે સગા ભાઈ બહેનોના મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પોલીસે કારચાલક વિરૂદ્ધ માનવવધ કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર કામરેજના નનસાડ રોડ ઓપેરા હાઉસમાં રહેતા ૩૫ વર્ષીય રાજેશ મનસુખભાઈ ગજેરા અને તેમની બહેન શોભા રવિવારે સાંજે બાઈક પર કામ અર્થે નીકળ્યા હતા. તે સમયે લસકાણા પોલીસ ચોકીના ચાર રસ્તા પાસે બેકાબૂ બનેલી કારના ચાલકે તેમની બાઈકને ટક્કર મારી હતી.

આ ઉપરાંત આ કારચાલકે અન્ય એક બાઈક ચાલક મહેશભાઈ નાનજીભાઈ લાઠીયા (ઉ.વ.૪૮ રહે. માતૃ શક્તિ સોસાયટી, પુણાગામ) ને પણ એડફેટે લીધા હતા. બાદમાં કાર પલટી ખાઈ જઈ ડિવાઈડર સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં ગંભીર ઈજા પામેલા રાજેશ અને મહેશભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે વારાફરતી બંનેને મૃત જાહેર કર્યા હતા. જ્યારે ગંભીર ઈજા પામેલી રાજેશની બહેનને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરી હતી, જેનું આજે સોમવારે ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું.

કાર ચાલક અર્જુન વિરાણી (ઉ.વ.૩૪, રહે. મમતા પાર્ક સોસાયટી, કાપોદ્રા)ને લોકોએ કારમાંથી બહાર કાઢીને પોલીસે સોંપ્યો હતો. કાર ચાલક એકાઉન્ટન્ટની નોકરી કરે છે. આ અંગે લસકાણા પોલીસે કાર ચાલક સામે ગુન્હો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વધુ વિગતો મુજબ મૃતક રાજેશભાઈ મૂળ અમરેલીના સાવરકુંડલાના વતની હતા. તે તેની બહેન શોભા સાથે કામરેજથી મોટા વરાછા જતા હતા. તે સમયે અકસ્માત નડ્યો હતો. રાજેશને એક ભાઈ અને એક બહેન છે. તે ડાયમંડ નગરમાં જોબવર્કનું કામ કરતા હતા.

જ્યારે મૃતક મહેશભાઈ મૂળ ભાવનગરના બગદાણાના વતની હતા અને રવિવારે સાંજે લસકાણા ડાયમંડ નગરથી બાઈક પર ઘરે જતા હતા. તેમને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. તે ટેક્સટાઈલ માર્કેટમાં જોબવર્ક કામ સાથે સંકળાયેલા હતા.

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

જામનગરમાં પણ પાકિસ્તાન સામે ભારતીય ટીમના વિજયની ઉજવણી થઈ અને ફટાકડા ફૂટ્યા તો રાજકોટ, અમદાવાદ, સુરત, ભરૂચ, ભૂજ, જૂનાગઢ, ઉપરાંત રાજ્યભરના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ ક્રિકેટ રસિયાઓ જ નહીં, પરંતુ અન્ય લોકોએ પણ જુદી જુદી રીતે ઉજવ્યો.

ટીમ ઈન્ડિયાના વિજયને નેતાઓએ પણ રાજકરણને બાજુ પર મૂકીને એક સૂરે વધાવ્યો અને રાહુલ ગાંધી, અમિત શાહ, મલ્લિકાર્જુન ખડગે, મમતાબેનર્જી પુષ્કરસિંહ ધામી સહિતના નેતાઓએ પણ ટીમ ઈન્ડિયાના વિજયને વધાવીને અભિનંદન વરસાવ્યા છે. આજે સોશિયલ મીડિયામાં તો ટીમ ઈન્ડિયા અને ગઈકાલની મેચના વિજયમાં સહભાગી થયેલી આખી ટીમ પર અભિનંદનની વર્ષા થઈ રહી છે. ખાસ કરીને 'વિરાટ' સદીની મૂક્તકંઠે પ્રશંસા થઈ રહી છે.

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીનું એક અલગ જ મહત્ત્વ પણ છે, જો કે વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૫ દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે જુદી જુદી આંતરરાષ્ટ્રીય કક્ષાની ૬ વન-ડે ક્રિકેટ મેચ રમાઈ, તેમાં ક્યારેય પાકિસ્તાનની ટીમ જીતી શકી નથી.

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) દ્વારા યોજાતી આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીને ક્રિકેટના વર્લ્ડકપ પછીની સૌથી મોટી વૈશ્વિક ક્રિકેટ સ્પર્ધાત્મક શ્રેણી ગણવામાં આવે છે, જેથી તેને મીની વિશ્વકપ પણ ગણવામાં આવે છે.

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં વર્ષ ૧૯૯૮ થી અત્યાર સુધીમાં દ. આફ્રિકા, ન્યુઝીલેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ, ઓસ્ટ્રેલિયા, પાકિસ્તાન અને ભારત ચેમ્પિયન બન્યા છે, જ્યારે વર્ષ ૨૦૦૨ માં આ ટ્રોફી તે સમયના સંજોગો મુજબ ભારત અને શ્રીલંકાને સંયુક્ત રીતે મળી હતી. આ ઉપરાંત ભારત બે વખત રનર્સ-અપ એટલે કે દ્વિતીય ક્રમે પણ રહી હતી. દર બે વર્ષે યોજાતી આ સ્પર્ધાત્મક ટુર્નામેન્ટ દર બે વર્ષે યોજાય છે અને પ્રત્યેક સ્પર્ધાત્મક શ્રેણીની યજમાની અલગ-અલગ દેશ કરે છે. આ વખતે પાકિસ્તાન યજમાન છે, જો કે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચો યુએ (દુબઈ) માં યોજાતી હોય છે. ગઈકાલની વન-ડે ક્રિકેટ મેચ પણ દુબઈમાં યોજાઈ હતી. આજે બોલિવૂડ, ગોલિવૂડના દિગ્ગજો, ક્રિકેટ ઉપરાંત અન્ય ક્ષેત્રના ગોલ્ડમેડલિસ્ટો, સહિતના ખ્યાતનામ ખેલાડીઓ, સેલિબ્રિટીઝ અને ઉદ્યોગ-વ્યાપાર ક્ષેત્રના દિગ્ગજો દ્વારા પણ ભારતીય ટીમને અભિનંદન અપાઈ રહ્યા છે, જે ભારત-પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ મેચમાં ભારતીયોનો જુસ્સો અને માત્ર ક્રિકેટરસિયા જ નહીં, અન્ય દેશવાસીઓની જનભાવનાઓ પણ દર્શાવે છે.

વર્ષ ૨૦૧૭ માં આઈસીસી ચેમ્પીયન્સ ટ્રોફીની ફાયનલ મેચમાં ભારત અને પાકિસ્તાન ટકરાયા હતાં, ત્યારે ભારતીય ટીમને મોટો ઝટકો લાગ્યો હતો. પાકિસ્તાને ચાર વિકેટે ૩૩૮ રન બનાવ્યા હતાં, જેની સામે ટીમ ઈન્ડિયા માત્ર ૩૦.૩ ઓવરમાં ૧૫૮ રને સમેટાઈ ગઈ હતી, અને પાકિસ્તાન ૧૮૦ રને જીત્યું હતું. તે સમયે સમગ્ર દેશના ક્રિકેટપ્રેમીઓમાં હતાશા ફેલાઈ ગઈ અને આક્રોશ વ્યક્ત થઈ રહ્યો હતો. તે પછી પાકિસ્તાન જુદી જુદી ટુર્નામેન્ટોમાં અડધો ડઝન જેટલી વન-ડે ક્રિકેટ મેચમાં ભારતીય ટીમે પાકિસ્તાનને હરાવ્યું હતું, પરંતુ આ વખતે ચેમ્પિયન્સ ટ્રોફીમાં જ પાકિસ્તાનને ૬ વિકેટે માત્ર ૪૩ ઓવરમાં જ હરાવીને ભારતે વિજય મેળવ્યો, તેથી વર્ષ ૨૦૧૭ ની કારમી હારનું સાટુ વળી ગયું છે, ખરૂં કે નહીં?

હાર જીત કોઈપણ રમતનો એક ભાગ હોય છે, અને તેનો સહર્ષ સ્વીકાર કરવો જ પડે, પરંતુ ભારત અને પાકિસ્તાનનો બ્રિટિશ ઈન્ડિયા વખતે જે ટીમ હતી, તેમાંથી જ નીકળેલી સહોદર ટીમો છે, તે ઉપરાંત ભારત-પાકિસ્તાન વચ્ચેની સ્પર્ધાઓમાં રાષ્ટ્રીય ભાવનાઓ ભળી જતી હોવાથી હંમેશાં રોમાંચક બની રહેતી હોય છે, જો કે આ બન્ને પ્રતિસ્પર્ધી ટીમોના ખેલાડીઓ વચ્ચેના સંબંધો હંમેશાં મોટાભાગે ઉષ્માભર્યા જ રહ્યા છે. આવો, આપણે ટીમ ઈન્ડિયાના વિજયને વધાવીએ... પાકિસ્તાન સામેની શાનદાર જીત બદલ ભારતીય ક્રિકેટ ટીમને તથા સમયસર સદી ફટકારવા બદલ વિરાટ કોહલીને ખૂબ ખૂબ અભિનંદન... દશેરાના દિવસે ઘોડું દોડ્યું ખરૂં...!!

ખંભાળિયામાં લેબોરેટરીમાં થયેલી ચોરી અંગે ખંભાળિયાના જ શખ્સની ધરપકડ

ખંભાળિયા તા.૨૪ : ખંભાળિયામાં આવેલી એક લેબોરેટરીમાં બોડા દિવસ પહેલાં ચોરી થઈ હતી. તે ચોરીની શરૂ કરાયેલી તપાસમાં એલસીબીએ એક શખ્સને પકડી પૂછપરછ કરતા તેણે ચોરીની કબૂલાત આપી છે.

ખંભાળિયા શહેરમાં આવેલી એક લેબોરેટરીમાં ચોરી થયાની ફરિયાદ પોલીસમાં કરવામાં આવતા પોલીસે ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જેમાં એલસીબીને પણ જોડાવવા માટે સૂચના અપાતા પીઆઈ કે.કે. ગોહિલની રાહબરી હેઠળ પીએસઆઈ એ.એલ. બારસીયા, એસ.એસ. ચૌહાણ તથા સ્ટાફે તપાસ આદરી હતી. તે દરમિયાન સ્થળ તપાસ કરાતા આ ચોરીમાં કોઈ જાણભેદુ શખ્સનો હાથ હોવાની શંકા ઉભી થઈ હતી. તેના પગલે આગળ વધેલી તપાસમાં ખંભાળિયાની લુહારશાળા પાસે રહેતા જીગર હરેશભાઈ રાઠોડ નામના શખ્સની અટક કરી પૂછપરછ શરૂ કરાતા તેણે ઉપરોક્ત ચોરીની કબૂલાત આપી રૂ.૧૭ હજાર રોકડા કાઢી આપ્યા છે. એલસીબીએ આરોપીની અટકાયત કરી તેનો કબજો ખંભાળિયા પોલીસને સોંપી આપ્યો છે.

ચિરવિદાય

જામનગરઃ સ્વ. રજનીકાંત છગનલાલ મહેતાના પત્ની ગં.સ્વ. ચંદનબેન મહેતા, તે જગજીવન પોપટલાલ સોલાણી (મોરબી) ના પુત્રી તથા મહેતા મેટલ્સવાળા રાજુભાઈ રજનિકાંત મહેતા, મીનાબેન નરેન્દ્રભાઈ દોશી, હીતીક્ષા હિમાંશુભાઈ ઠક્કરના માતુશ્રી તથા છાયાબેન રાજુભાઈ મહેતાના સાસુ તથા ચિંતન રાજુભાઈ મહેતાના દાદી તથા કેજલ ચિંતન મહેતાના દાદી સાસુજી તથા હીર, જસના પરદાદીનું તા. ૨૩-૨-૨૦૨૫ ના અવસાન થયું છે.

વાડીનારઃ જામખંભાળીયા નિવાસી સ્વ. તુલસીદાસ ગોકલદાસ ગણાત્રા (બાબુભાઈ) (કિરણ કોલ્ડ્રીંક્સ હાઉસવાળા) ના ધર્મપત્ની ગં.સ્વ. જયાબેન તુલસીદાસ ગણાત્રા (તારાબેન) (ઉ.વ. ૮૬), તે અરવિંદભાઈ (જામનગર), અશોકભાઈ (કિરણ કોલ્ડ્રીંક્સ હાઉસ - જામખંભાળીયા), નીલાબેન સુરેશકુમાર રાયઠઠ્ઠા (જામનગર), સ્વ. હર્ષિદાબેન અનિલકુમાર કારિયા (રાજકોટ), મીનાબેન ભાવિનુકમાર ધેલાણી (પોરબંદર) ના માતુશ્રી તથા નિકેત, અર્જુન, શ્રુતિબેન (આફ્રિકા) ના દાદી તા. ૨૩-૨-૨૦૨૫ ના શ્રીજીચરણ પામેલ છે. સદ્‌ગતની પ્રાર્થનાસભા તા. ૨૪-૨-૨૦૨૫, સોમવારના સાંજે ૫ થી ૫.૩૦ વાગ્યા દરમિયાન ભાઈઓ તથા બહેનો માટે જલારામ મંદિર, પ્રાર્થનાસભા હોલ, જામખંભાળીયામાં રાખવામાં આવી છે. પિયરપક્ષની સાદડી સાથે રાખેલ છે.

મીઠાપુરઃ મૂળ જામખંભાળીયાના હાલ મીઠાપુર નિવાસી પ્રવિણચંદ્ર નરસિંદાસ કાનાણી (ઉ.વ. ૮૫), તે ભાવેશભાઈ કાનાણી (જલારામ જનરલ સ્ટોર, મીઠાપુર) તથા સ્વ. રાજેશભાઈ કાનાણી, મિતાબેન વિનયકુમાર સેજપાલ, દીપિકાબેન અમિતકુમાર સેજપાલ (રાજકોટ) ના પિતા, પરાબેન ભાવેશભાઈ કાનાણીના સસરા, આયુષ તથા ભવ્યના દાદા તેમજ સ્વ. રણછોડદાસ જેરામભાઈ ગોકાણી - મીઠાપુરવાળાના જમાઈ તા. ૨૨-૨-૨૦૨૫ ના શ્રીજીચરણ પામેલ છે. સદ્‌ગતની પ્રાર્થનાસભા તથા મોસાળપક્ષની સાદડી તા. ૨૪-૨-૨૦૨૫ ના સાંજે ૫ થી ૫.૩૦ વાગ્યા દરમિયાન ભાઈઓ તથા બહેનો માટે તેમના નિવાસસ્થાન પાસે, આશાપુરા સોસાયટી ગાર્ડન, સૂરજકરાડીમાં રાખવામાં આવી છે.

દ્વારકા નિવાસી મુકેશભાઈ વિઠ્ઠલદાસ કક્કડ (ઉ.વ. ૬૪), (હોટેલ દ્વારાવતી તથા કેસેટવાળા), તે વિજયભાઈ કક્કડ, સ્વ. ગિરધારીભાઈ કક્કડ, હંસાબેન કિરીટકુમાર મોદીના ભાઈ તથા નીતિનભાઈ રિંકુબેન સાવનકુમાર માવાણી, નેહલબેન નિરવકુમાર કારીયાના પિતા તથા મિતેષભાઈ, ધવલભાઈના કાકા તથા ભોતીકભાઈ, માધુરીબેનના અદા, નિષ્ઠાના દાદા, સ્વ. મંગલદાસ વલ્લભદાસ કાનાણીના જમાઈનું તા. ૨૦-૨-૨૦૨૫ ના અવસાન થયું છે. સદ્‌ગતનું બેસણું તથા સસરાપક્ષની સાદડી તા. ૨૪-૨-૨૦૨૫, સોમવારના સાંજે ૪.૩૦ થી ૫ વાગ્યા દરમિયાન ભાઈઓ તથા બહેનો માટે મણીબેન ટાઉનહોલ, હોસ્પિટલ રોડ, દ્વારકામાં રાખવામાં આવી છે.

ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ અને વિશેષ દળો એરપોર્ટ પર તૈનાત

બોમ્બની ધમકી મળતા ન્યુયોર્ક-દિલ્હીની ફ્લાઈટને રોમ ડાયવર્ટ કરાઈઃ હાઈએલર્ટ જાહેર

નવીદિલ્હી તા. ૨૪: ન્યૂયોર્કથી દિલ્હી આવી રહેલી ફ્લાઈટમાં બોમ્બની ધમકી મળવા ફ્લાઈટને રોમ ડાયવર્ટ કરવામાં આવી છે અને યુરોપિયન એર ટ્રાફિક કંટ્રોલને પણ સંપૂર્ણ એલર્ટ પર રાખવામાં આવ્યું છે.

ભારતમાં અનેક એરલાઈન્સ અને એરપોર્ટ પર બોમ્બની ધમકી મળી રહી છે. આ દરમિયાન અમેરિકાના ન્યૂયોર્કથી દિલ્હી આવી રહેલી ફ્લાઈટમાં બોમ્બની ધમકી મળી હતી. જેના પગલે આ ફ્લાઈટને રોમ ડાયવર્ટ કરવામાં આવી છે. અમેરિકા મીડિયાના અહેવાલ અનુસાર સુરક્ષા કારણોસર ફ્લાઈટને ડાયવર્ટ કરવામાં આવી છે. આ ફ્લાઈટ અમેરિકન એરલાઈન્સની છે.

બોમ્બની ધમકી પછી અમેરિકન એરલાઈન્સની ફ્લાઈટ છછ૨૯૨ ને રોમના ફ્રિયુમિસિનો એરપોર્ટ પર કટોકટીમાં ડાયવર્ટ કરવાની ફરજ પડી હતી. જેમાં ક્રૂ મેમ્બર્સને વિમાનમાં વિસ્ફોટક ઉપકરણ હોવાની ગુપ્ત માહિતી મળી હતી. જેના પગલે આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન સુરક્ષા પ્રોટોકોલ મુજબ તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી.

એરનેવ રડાર ટ્રેકિંગ સેવા અનુસાર વિમાને ભૂમધ્ય સમુદ્ર પર અચાનક પોતાનો રૂટ બદલી નાખ્યો અને ઈમરજન્સી લેન્ડિંગ માટે રોમ તરફ ડાયવર્ટ થયું હતું. જેની પછી રોમ ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ અને કાયદા અમલીકરણ એજન્સીઓ સહિત ઈટાલિયન અધિકારીઓ આ અંગે હાઈ એલર્ટ પર છે. વિમાન એરપોર્ટ પર પહોંચ્યા પછી પરિસ્થિતિને સંભાળવા માટે ખાસ દળોને તૈનાત કરવામાં આવ્યા છે.

યુરોપિયન એર ટ્રાફિક કંટ્રોલને પણ સંપૂર્ણ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. અહેવાલ મુજબ, અમેરિકન એરલાઈન્સના પ્રવક્તાએ એક નિવેદન જાહેર કરીને પુષ્ટિ કરી છે કે ફ્લાઈટને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે અને સંલગ્ન કદમ ઉઠાવાઈ રહ્યા છે.

જશ્ને ઉર્ષમુબારક

જામનગર તા. ૨૪: જામનગરમાં ધાંચીની ખડકી, વહેવારીયા મદ્રેસા સામે આવેલ પીર હાજી કમાલુદ્દીન શાહ ડાડા, છોટેબડે સરકારનો જશ્ને ઉર્ષમુબારક શૌકત-શાનથી ઉજવવામાં આવશે. આ અવસરે તા. ૨૫-૨-૨૦૨૫ ના સાંજે પાંચ વાગ્યે સંદલ શરીફ, રાત્રે ૧૦ વાગ્યે વાએઝ શરીફનો નુરી જલ્સો યોજેલ છે. જેમાં સીલસીલા-એ-મદારીયા હઝરત સુફી સૈયદ રફીકઅલી શાહ માસુમી મદારી (યુ.પી.) નુરી તકરીર ફરમાવશે. તા. ૨૬-૨-૨૦૨૫ ના સવારે ૧૦ વાગ્યે કુરઆન ખ્વાની, બપોરે ૧ વાગ્યે ન્યાઝ તકસીમ કરવામાં આવશે તેમ શાહમદાર પરિવારએ જણાવ્યું છે.

શિક્ષક ભરતીના મુદ્દે...

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

આંદોલનકારીઓ કહે છે કે, સમયસર ન્યાય ન મળે એ સૌથી મોટો અન્યાય છે. ટેટ-ટાટના ઉમેદવારો આવા અન્યાયનો ભોગ બન્યા છીએ. અત્યાર સુધી એટલી રજૂઆતો કરવામાં આવી છે કે એક આખું પુસ્તક અરજીઓથી ભરાય તેમ છે. ઉમેદવારો શિક્ષક ભરતી માટે શક્ય તમામ પ્રયત્નો કરી ચૂક્યા છીએ. તેમ છતાં હજી સુધી કાયમી શિક્ષકોની બાબતે કોઈ નક્કર અને સમયબદ્ધ પગલાં ભરવામાં આવ્યા નથી.

ટેટ-ટાટ પાસ કરેલા ઉમેદવારોએ માંગણી કરી છે કે, શિક્ષણ સહાયક (ધો. ૯થી ૧૨)નું પીએમએલ અને ડીવી શેડ્યુલ પ્રસિદ્ધ થાય, ધોરણ ૧થી ૮ વિદ્યા સહાયકમાં કેટેગરી અને વિષય મુજબ જગ્યાઓની યાદી જાહેર થાય. અંદાજિત ૫૭૦૦ જૂના શિક્ષકો અને ૧૨૦૦ આચાર્યની બદલી કેમ્પના અંતે ખાલી પડતી જગ્યા ચાલુ શિક્ષણ સહાયકમાં જગ્યા વધારારૂપે સામેલ કરવામાં આવે, ગત વર્ષ મંજૂર થયેલ ૨૭૫૦ વિદ્યા સહાયકને ચાલુ ભરતીમાં જગ્યા વધારારૂપે સામેલ કરવામાં આવે અને ઉનાળુ વેકેશન પહેલા શિક્ષક ભરતીની તબક્કાવાર સંપૂર્ણ ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી નિમણૂકપત્રો એનાયત કરવામાં આવે.

આંદોલનકારીઓએ તીવ્રતાથી રજૂઆતો કરતા જણાવ્યુ છે કે, આરટીઆઈ મુજબ ધોરણ ૧થી ૫માં ૩૧-૫-૨૫ની સ્થિતિએ ખાલી જગ્યા અને નિવૃત થનારા શિક્ષકો કુલ મળીને આશરે ૨૧૩૫૪ જગ્યા સામે માત્ર ૫૦૦૦ ની ભરતી કેમ થઈ છે?

સત્તાવાર જાહેરાત થતાં આંદોલન ઠંડુ પડશે ?

સરકારની બાંહેધરી મુજબ ૨૪૭૦૦ શિક્ષકોની થશે ભરતીઃ શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયા

ગાંધીનગર તા. ૨૪: તાજા સમાચાર મુજબ રાજ્યના શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયાએ કહ્યું કે, આચાર સંહિતાની કારણે વિલંબ થયો હતો. પરંતુ હવે સરકારે આપેલ બાંહેધરી મુજબ ૨૪૭૦૦ શિક્ષકોની ભરતી કરાશે. આ સત્તાવાર નિવેદન પછી આંદોલન ઠંડુ પડશે કે કેમ ? તે જોવાનું રહે છે.

આચારસંહિતા સહિતના કારણે વિલંબ થયોઃ મંત્રી

સોના ચાંદીના ભાવ

૧૦૦ ગ્રામ શુદ્ધ સોનું (બિસ્કિટ)	8,92,000
૨૨ કેરેટ દાગીના (૧૦ ગ્રામ)	80,300
૧૮-કેરેટ દાગીના (૧૦ ગ્રામ)	68,700
ચાંદી-૯૯૯ (૧ કીલો)	98,000